# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ડો.એ.એન.સાબલપરા**
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એકસ.૧૩૨
ફેકસ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨


---

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યુનિટ વડાશ્રીઓ, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ અને સંશોધન કેન્દ્રનાં વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે આપના સીધા નિયંત્રણ હેઠળ કાર્યરત પ્લાન યોજના હેઠળ શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ અને સંશોધન અંતર્ગત યોજનાઓમાં ચાલુ નાણાંકીય વર્ષ : ૨૦૧૩–૧૪માં બીજી રીવ્યુ મીટીંગમાં યોજનાની કામગીરી અને ખર્ચાઓ પરત્વે અત્રે કચેરીના પત્ર તા. ૨૧/૧/૨૦૧૪ માં બીજી રી.મી./૫૨૨/૨૦૧૪ થી ફાળવેલ પુનઃ ગ્રાન્ટ ફાળવણીની મર્યાદામાં જાન્યુઆરી થી ફેબ્રુઆરી –૨૦૧૪ દરમ્યાન યોજનાકીય હેતુ ધ્યાનમાં રાખી કામગીરીનાં આયોજન મુજબ ખર્ચ કરવા માન.કુલપતિશ્રીએ ભારપૂર્વક જણાવવામાં આવેલ હતું. ઉપરોકત સમય પૂર્ણ થતાં ચાલુ નાણાંકીય વર્ષનો બાકી રહેતો એક માસ માટે થનાર ખર્ચ અંગે અને સંલગ્ન કામગીરીની સમીક્ષા કરવા માટેની મીટીંગ માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા.૧૧/૩/૨૦૧૪નાં રોજ યુનિવર્સિટી ભવન કોન્ફરન્સ હોલમાં **સવારે ૧૦.૦૦** કલાકે નવસારી કેન્દ્ર ખાતેની યોજનાનાં યુનિટ વડાશ્રીઓ અને નવસારી બહારનાં પ્લાન યોજનાનાં સંશોધન કેન્દ્રનાં વડાશ્રીઓને **બપોરે ૨.૩૦** કલાકે ઉપસ્થિત રહેવા વિનંતી છે.

મુદ્દા :–

(૧) ચાલુ નાણાંકીય વર્ષમાં ૭મી માર્ચ'૨૦૧૪ સુધી યોજનામાં પગારભથ્થા, રીકરીંગ, નોન રીકરીંગ અને બાંધકામ સદરે ફાળવેલ ગ્રાન્ટ સામે ખર્ચની વિગત લાવવી.

(૨) કેન્દ્ર પરથી જે તે યોજનામાં પગારભથ્થાંમાં ફાળવેલ ગ્રાન્ટ પ્રમાણે ખર્ચ થતાં કેટલી રકમની બચત રહે છે. અથવા વધારાની ગ્રાન્ટની જરૂરીયાત હોય ચોકકસ ગણતરી મુજબની રકમ હોવી જોઈએ.

(૩)યોજનામાં રીકરીંગ સદરે ફાળવેલ ગ્રાન્ટ વપરાશ થઈ ખર્ચ થયેલ અને ખાસ કિસ્સામાં ખર્ચ કરવાની જરૂરીયાત હોય તો (બીજી યોજનામાંથી બચત હશે ફાળવવામાં આવશે) વિગતો યોજનાવાર સાથે લાવવી.

(૪)યોજનામાં નોનરીકરીંગ સદરે મંજુર થયેલ આઈટમની ખરીદી ખર્ચ થતાં બાકી બચત રહેતી રકમ હોય તો પરત કરવાની રહેશે. બચત ગ્રાન્ટમાંથી એપ્રુવ્ડ આઈટમ સિવાય કોઈપણ અન્ય આઈટમ ખરીદી શકાશે નહિં.

(૫)બાંધકામ સદરની યોજનામાં સરકારશ્રીમાં રૂા. ૫૩૦.૦૦ લાખ પરત ખેંચી લેતા જે તે યોજનામાં ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં ચાલુ નાણાંકીય વર્ષમાં ખર્ચ કરવાનો રહેશે. અને જે હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં હોય તે મુજબ ખર્ચ કરવાનો રહેશે. તેમજ ૭મી માર્ચ સુધી યોજનામાં થયેલ ખર્ચની વિગતો સાથે લાવવાની રહેશે અને બાંધકામની કામગીરી કયા સ્ટેજે છે તે વિગત પણ દર્શાવવી.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/૩ જી રી.મીટીંગ/ 2447 /૨૦૧૪
નવસારી તા. : ૭/૩/૨૦૧૪

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના, પ્રતિ,**

યુનિટ વડાશ્રીઓ/ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, સંશોધન કેન્દ્રનાં વડાશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.

F:\PARIPATRA.Doc